### વૈશ્વિક સ્તરે યુદ્ધની જ્વાળાઓ હવે ગુજરાતના રસોડા સુધી પહોંચી જતાં ચીખલી તાલુકાના

# છાત્રાલયોના વિદ્યાર્થીના ભોજન પર સંકટ

**જિલ્લાની ૧૦૬ છાત્રાલયોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો પુરવઠો ખોરવાતા ૬૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓના બે ટંકના ભોજન પર પ્રશ્નાર્થ ચિહ્ન**



ઘેજ : ખાડી દેશોમાં સર્જાયેલા યુદ્ધને પગલે ચીખલી તાલુકાની ૩૭ છાત્રાલયોમાં અભ્યાસ કરતા ૨૧૨૯ વિદ્યાર્થીઓના મધ્યાહન ભોજન પણ સંકટ છવાયું છે.

વૈશ્વિક સ્તરે યુદ્ધની જ્વાળાઓ હવે ગુજરાતના રસોડા સુધી પહોંચી જવા પામી છે. ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા અખાતી યુદ્ધની અસર હવે દક્ષિણ ગુજરાતના ચીખલી તાલુકાના છેવાડાના માનવી અને વિદ્યાર્થીઓ સુધી પહોંચી જવા પામી છે. નવસારી જિલ્લાની ૧૦૬ છાત્રાલયોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો પુરવઠો ખોરવાતા ૬૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓના બે ટંકના ભોજન પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયું છે. ખાસ કરીને પરીક્ષાના આ કપરા સમયે સર્જાયેલી આ કટોકટીએ વહીવટી તંત્રને દોડતા કરી દીધા છે.

યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ અને ગેસના આયાત-નિકાસ પર સીધી અસર પડતા કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો સ્ટોક મર્યાદિત થઈ જતા નવસારી જિલ્લાના મુખ્ય ૬ તાલુકાઓમાં આવેલી છાત્રાલયોમાં હાલે ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ચીખલી તાલુકામા સૌથી વધુ ૩૭ છાત્રાલયોમાં ૧૨૪૯ કુમાર અને ૮૮૦ કન્યા મળી કુલ ૨૧૨૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે દરરોજ વિદ્યાર્થીઓ માટે જમવાનું બનાવવાનું હોય છે. જેમાં મોટા કોમર્શિયલ સિલિન્ડર અનિવાર્ય છે. જો આગામી થોડા દિવસોમાં સ્થિતિ નહીં સુધરે તો સંચાલકોએ મજબૂરીવશ પરંપરાગત લાકડાના ચૂલા પર રસોઈ બનાવવી પડશે.

### પરીક્ષાઓના સમયે ભોજનની અવ્યવસ્થાથી વિદ્યાર્થીઓ પર અસર

હાલમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. વળી એપ્રિલના પ્રથમ અઠવાડિયાથી ધોરણ ૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષાઓ પણ શરૂ થવાની છે. આવા સમયે ભોજનની અવ્યવસ્થાથી વિદ્યાર્થીઓ પર માઠી અસર પડી શકે તેમ છે.

### વાપીના રેસ્ટોરન્ટમાંથી ઘરેલુ ગેસના 5 સિલિન્ડર સિઝ કરાયા

વાપી : ખાડી દેશોમાં ઉભી થયેલી યુદ્ધની સ્થિતિને કારણે દેશમાં રાંધણ ગેસના પુરવઠા પર અસર પડી રહી છે. સરકાર દ્વારા ઘરેલુ વપરાશમાં ગેસની અછત ન સર્જાય તે માટે વ્યાવસાયિક ધોરણે વપરાતા ગેસ પર કાપ મુકવામાં આવ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી મામલતદાર દ્વારા વાપીમાં ખાણી-પીણીના રેસ્ટોરન્ટ અને હોટેલોમાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન કેટલાક વેપારીઓ દ્વારા વ્યાવસાયિક ઉપયોગ માટે ઘરેલુ ગેસ સિલિન્ડર વપરાતા હોવાની બાબત સામે આવી હતી. મામલતદારની ટીમે તપાસ દરમિયાન કુલ 5 ઘરેલુ ગેસ સિલિન્ડર સિઝ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. કાર્યવાહી થતાં જ શહેરના હોટેલ અને ખાણી-પીણીના ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પ્રશાસન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઘરેલુ ગેસનો વ્યાવસાયિક ઉપયોગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે અને આવું ચેકિંગ આગળ પણ ચાલુ રહેશે.

### રાંધણ ગેસ અને મોંઘવારી મુદ્દે નવસારીમાં કોંગ્રેસ રસ્તા પર




નવસારી : નવસારી જિલ્લામાં વધતી મોંઘવારી અને રાંધણ ગેસના સતત વધી રહેલા ભાવના મુદ્દે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં એકત્રિત થઈ રસ્તા પર ઉતર્યા હતા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને પોતાની અસંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ હાથમાં બેનરો અને પોસ્ટરો સાથે સરકારની નીતિઓની ટીકા કરી હતી. કોંગ્રેસના આગેવાનોનું કહેવું હતું કે દેશમાં સતત વધી રહેલી મોંઘવારીના કારણે સામાન્ય જનતાનું જીવન મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને રાંધણ ગેસના ભાવમાં થયેલા વધારાના કારણે મધ્યમવર્ગ અને ગરીબ વર્ગ પર આર્થિક ભારણ વધી ગયું છે. આગેવાનોના જણાવ્યા મુજબ સરકાર મોંઘવારી કાબૂમાં લેવા માટે અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ રહી છે.

### દમણમાં ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે : ડેપ્યુટી કલેક્ટર

દમણ : સંઘપ્રદેશ દમણમાં ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાણ ડેપ્યુટી કલેક્ટર દ્વારા આપવામાં આવી છે. મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે ગોવાનો પુરવઠો ખોરવાઈ જતા બૂમરાણ મચી છે. ત્યારે દમણમાં ગેસના પુરવઠાને લઈને પ્રશાસને ગેસ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે બેઠકનું આયોજન કરી ગેસ પુરવઠાની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જેમાં પ્રતિનિધિઓએ પ્રશાસનને ગેસનો પૂરતો જથ્થો હોવાનો અને વધુ 2 મહિના ચાલે એટલો બફર સ્ટોક હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં પણ એલ.પી. જી. ગેસનું બુકિંગ પણ નિયમિત રીતે ચાલી રહ્યું છે. જો કે, દેશભરમાં ગેસની અછત થઈ ગઈ હોવાના અનેક અહેવાલો પ્રસિદ્ધ થતાં દમણના લોકોમાં પેનિક ન થાય તેવા આશય સાથે ડેપ્યુટી કલેકટર પ્રિયાંશું સિંહે જણાવ્યું છે કે, દમણમાં ગેસનો પુરવઠો પૂરતા પ્રમાણમાં છે. કોઈ ખોટી અફવાઓ પર ધ્યાન ન આપે અને જો ગેસ સંબંધિત કોઈ સમસ્યા સર્જાય તો હેલ્પલાઇન નંબર 1077 પર ફરિયાદ કરવા અપીલ કરી છે. સાથે ગેસની કાળા બજારી કરનારાઓ સામે કાર્યવાહીની ચીમકી ઉચ્ચારી છે.

# નવસારી જિલ્લાની તાલુકા પંચાયતોમાં અનામતનો ધડાકો

**જલાલપોરની ૨૦ અને નવસારીની ૧૬ બેઠકોમાં મહિલા, અનુસૂચિત જાતિ-આદિજાતિ અને પછાત વર્ગ માટે અનામત ફાળવણી**

**યાદી જાહેર થતાં જ દાવેદારોમાં દોડધામ, પક્ષો અને આગેવાનો નવા સામાજિક સમીકરણો ગોઠવવામાં વ્યસ્ત**

નવસારી : નવસારી જિલ્લામાં તાલુકા પંચાયતોની બેઠકો માટેની અનામત યાદી જાહેર થતાં ચૂંટણી પૂર્વે સ્થાનિક રાજકારણમાં જોરદાર ખળભળાટ મચ્યો છે. જલાલપોર તાલુકા પંચાયતની ૨૦ તથા નવસારી તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે જાહેર થયેલી અનામત ફાળવણી બાદ રાજકીય પાટિયા બદલાવાના સ્પષ્ટ સંકેતો દેખાઈ રહ્યા છે. અનેક બેઠકોના સ્વરૂપમાં થયેલા ફેરફારને કારણે અત્યાર સુધી મજબૂત માનાતા દાવેદારોના સમીકરણો હચમચી ગયા છે, તો બીજી તરફ નવા ચહેરાઓ માટે રાજકીય એન્ટ્રીના દરવાજા ખુલી ગયા છે.

જલાલપોર તાલુકા પંચાયતની જાહેર થયેલી અનામત યાદી મુજબ અબ્રામા, મંદિર, ઓજલ-૨, પનાર અને પોસરા બેઠકો સામાન્ય સ્ત્રી માટે અનામત જાહેર કરવામાં આવી છે. આટ અને બોદાલી બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ફાળવાતા આ વિસ્તારોમાં નવી રાજકીય ગોઠવણો શરૂ થઈ ગઈ છે. ભીનાર અને વેસ્મા બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે. બોરસી અને છીણમ બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલાઓ માટે અનામત જાહેર કરવામાં આવી છે, જ્યારે ડાભેલ, દાંતી અને કૃષ્ણપુર બેઠકો પછાત વર્ગ માટે ફાળવવામાં આવી છે. મહુવર-૨ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત જાહેર થતાં ત્યાં પણ દાવેદારોના ચહેરા બદલાવાની શક્યતા ઊભી થઈ છે. બીજી તરફ મહુવર-૧, મટવાડ, ઓજલ-૧, સીસોદ્રા (અરાક) અને તવડી બેઠકો બિનઅનામત સામાન્ય જાહેર થતાં ઘણા રાજકીય કાર્યકરો અને નવા દાવેદારોમાં નવી આશા જાગી છે.

### બિનઅનામત સામાન્ય જાહેર થતાં અનેક ઉમેદવારો સક્રિય બન્યા

નવસારી તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે જાહેર થયેલી અનામત ફાળવણી પણ એટલી જ ચર્ચાનો વિષય બની છે. અડદા અને સિસોદ્રા (ગણેશ)-૧ બેઠકો સામાન્ય સ્ત્રી માટે અનામત જાહેર કરવામાં આવી છે. આમડપોર, ભુલાફળિયા, ખડસુપા, નાગધરા અને પારડી બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે. ચંદ્રવાસણસુપા બેઠક પછાત વર્ગની સ્ત્રી માટે ફાળવાઈ છે, જ્યારે ધામણ, મોલધરા અને સિસોદ્રા (ગણેશ)-૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત જાહેર કરવામાં આવી છે. પડઘા બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે અને શાહુ બેઠક પછાત વર્ગ માટે ફાળવાઈ છે. સુપા અને ઉગત બેઠકો બિનઅનામત સામાન્ય જાહેર થતાં અહીં પણ અનેક સંભાવિત ઉમેદવારો સક્રિય બન્યા છે.

### બંને તાલુકામાં રાજકીય ગરમાવો

અનામત યાદી બહાર આવતાં જલાલપોર અને નવસારી બંને તાલુકામાં રાજકીય ગરમાવો વધ્યો છે. પક્ષો હવે માત્ર પરંપરાગત દાવેદારો પર નિર્ભર રહી શકશે તેમ નથી; સામાજિક સમીકરણો, જાતિવાર ગણિત અને મહિલા અનામતને ધ્યાનમાં રાખીને નવા ચહેરા, નવા સમીકરણો અને નવી ચૂંટણી વ્યૂહરચનાઓ ગોઠવવાની ફરજ પડી છે. સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે આ અનામત ફાળવણી માત્ર બેઠક વહેંચણી નથી, પરંતુ આવનારી તાલુકા પંચાયત ચૂંટણીના રાજકીય ચિત્રને જ બદલી નાખે એવી અસરકારક ચાલ સાબિત થઈ શકે છે.

# સાયબર ઠગાઈ કેસમાં આરોપીના જામીન નકારાયા

**મજબૂત પુરાવા અને સરકારી વકીલની ધારદાર દલીલોને ધ્યાને લઈ નવસારી સેશન્સ કોર્ટનો કડક નિર્ણય**

નવસારી : નવસારીના સાયબર ઠગાઈના ગંભીર કેસમાં આરોપીની જિલ્લા સેશન્સ કોર્ટે જામીન અરજી નામંજૂર કરી છે. આ ગુનામાં પોલીસે રાહુલ નંદુ કુમાવત, નિમેષ પાડવે, આનંદ રૂડાણી, મિલન સતાણી અને સુમીત મોરડીયા સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી.

આ કેસની તપાસ નવસારી સાયબર ક્રાઇમ પોલીસ ઇન્સ્પેક્ટર યુ.એલ. મોદી દ્વારા હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીઓના બેંક એકાઉન્ટની માહિતી એકત્રિત કરીને ટેક્નિકલ એનાલિસિસ કરવામાં આવ્યું હતું તેમજ જરૂરી ટેક્નિકલ અને દસ્તાવેજી પુરાવાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા. તમામ કાયદેસર પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ પોલીસે કોર્ટમાં આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.

ચાર્જશીટ થયા બાદ આરોપી નિમેષ અશોકભાઈ પાડવે દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. આ અરજીના અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર યુ.એલ. મોદીએ કોર્ટમાં એફિડેવિટ રજૂ કર્યો હતો. સરકારી વકીલ બી.ડી. રાઠોડ દ્વારા કરવામાં આવેલી દલીલો તથા કેસની ગંભીરતા, તપાસ દરમિયાન પ્રાપ્ત થયેલા મજબૂત પુરાવાઓ અને ગુનાની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને નવસારી જિલ્લા સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# બીલીમોરા નગરપાલિકાએ બાકી વેરા વસૂલાત કડક બનાવી

**નાણાકીય વર્ષના અંતિમ 15 દિવસ બાકી, અત્યાર સુધી 74% વસૂલાત પૂર્ણ**




બીલીમોરા : નાણાકીય વર્ષ 2025-26 પૂર્ણ થવાને આરે છે ત્યારે બીલીમોરા નગરપાલિકા દ્વારા બાકી વેરા વસૂલાત તેજ બનાવી છે. પાલિકા પ્રમુખ મનીષ પટેલ, કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, ચીફ ઓફિસર સંદીપ પટેલના માર્ગદર્શન હેઠળ પાલિકાના કર્મચારીઓની અલગ-અલગ ટીમો બનાવી શહેરના વિકાસ માટે જરૂરી એવા વેરાની વસૂલાત માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

નગરપાલિકાના આંકડા મુજબ, શહેરમાં આવેલી કુલ 17,470 મિલકતો (14,211 રહેણાંક અને 3,259 ધંધાકીય) પાસેથી ચાલુ નાણાકીય વર્ષના રૂપિયા 4.18 કરોડના માંગણા સામે અત્યાર સુધીમાં રૂપિયા 3.15 કરોડની વેરા વસૂલાત થઈ ચૂકી છે, જે કુલ 74.48% જેટલી નોંધપાત્ર છે. જોકે, પાછલા વર્ષોના બાકી રહેલા રૂપિયા 2.39 કરોડના લેણાં સામે અત્યાર સુધી રૂપિયા 58.74 લાખ (24.09%) ની વસૂલાત થઈ શકી છે. આથી, પાલિકા તંત્ર હવે બાકી રહેલા તમામ વેરા વસૂલવા માટે મક્કમ નિર્ધાર સાથે કામ કરી રહ્યું છે.

નગરપાલિકા દ્વારા બાકી વેરાદારોને અપીલ કરી છે કે તેઓ સમયસર પોતાનો વેરો જમા કરાવે, જેથી પાલિકાને મિલકત સીલ કરવા જેવી કડક કાર્યવાહી કરવાની જરૂર ન પડે. વર્ષના અંતિમ પખવાડિયામાં મહત્તમ વસૂલાત થાય તે હેતુથી પાલિકાની ટીમો સતત કાર્યરત છે. શહેરના સુઆયોજિત વિકાસ અને જનસુવિધાના કામોમાં અડચણ ન આવે તે માટે નાગરિકોને આગામી 15 દિવસમાં પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવી છે.

# ડાંગ જિ.પં.નું ૪૪૨ કરોડનું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજૂર

**આવકના મર્યાદિત સ્ત્રોત અને માત્ર ૧૦% વન ઉપજની આવક પર નિર્ભર હોવા છતાં સર્વાંગી વિકાસ માટે જોગવાઈઓ કરવામાં આવી**




સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયત, આહવા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું વાર્ષિક અંદાજપત્ર સામાન્ય સભામાં રજૂ કરવામાં આવ્યું હતું, જેને તમામ સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ નિર્મળાબેન ગાઈનના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં કુલ રૂ. ૪૪૨ કરોડથી વધુની રકમનું બજેટ મંજૂર કરાયું છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.એસ. વાસાવા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ અને અન્ય શાખાધિકારીઓની ઉપસ્થિતિમાં વિકાસના વિવિધ આયોજનો રજૂ કરવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લો ૯૦% વનઆચ્છાદિત અને ડુંગરાળ હોવા છતાં, સરકાર દ્વારા તેને 'પ્રાકૃતિક ખેતી' ધરાવતો જિલ્લો જાહેર કરાયો છે. જિલ્લામાં ઉદ્યોગોનો અભાવ હોવા છતાં, રસ્તા, પુલો અને સિંચાઈ જેવી માળખાકીય સુવિધાઓ દ્વારા અંતરિયાળ ગામોને મુખ્ય મથક સાથે જોડવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈને જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લા પંચાયત પાસે સ્વભંડોળની આવક નહિવત છે, તેમ છતાં રાજ્ય સરકારના આયોજન મંડળ, આદિજાતિ પેટા યોજના અને મનરેગા જેવી યોજનાઓના સંકલન દ્વારા છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વહીવટી પારદર્શિતા અને અધિકારીઓના સંકલનથી તૈયાર કરાયેલું આ અંદાજપત્ર ડાંગના વિકાસમાં નવી દિશા કંડારશે.

### વિવિધ ક્ષેત્રો માટે બજેટની ફાળવણી

- **શિક્ષણ ક્ષેત્ર:** સૌથી વધુ રૂપિયા ૧૬,૯૫૫.૫૦ લાખની સરકારી સદરે જોગવાઈ
- **બાંધકામ:** જિલ્લાની માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧૧,૭૫૦ લાખ ફાળવાયા
- **આરોગ્ય:** આરોગ્ય સેવાઓના સુદ્રઢીકરણ માટે રૂપિયા ૩,૫૨૦ લાખનું આયોજન
- **સિંચાઈ અને ખેતી:** સિંચાઈ માટે રૂપિયા ૧,૪૪૭.૭૦ લાખ અને ખેતીવાડી ક્ષેત્રે રૂપિયા ૨૫૬.૧૬ લાખની માંગણી
- **પશુપાલન:** પશુપાલન પ્રવૃત્તિઓ વેગવંતી બનાવવા રૂપિયા ૩૧૧.૦૫ લાખની ફાળવણી

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીના ઘેજમાં ચોસઠ જોગણી માતાના મંદિરનો નવમો પાટોત્સવ ઉજવાયો

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામે ચોસઠ જોગણી માતાના મંદિરના નવમાં પાટોત્સવની નવચંડી યજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમોના સથવારે ભક્તિભાવપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.




નવમાં પાટોત્સવની ઉજવણી દરમ્યાન વાઘલધરાના ભૂદેવ જીગાભાઈ મહારાજ અને તેમની ટીમના વૈદિક મંત્રોચાર સાથે યોજાયેલા નવચંડી યજ્ઞમાં ૩૭ જેટલા દંપતીઓએ ભાગ લઈ આહુતિ આપી હતી. પાટોત્સવને લઈને સમગ્ર ગામમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડી માતાજીની પૂજા અર્ચના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સ્થાનિક ભક્તો દ્વારા નવચંડી યજ્ઞ ઉપરાંત રાત્રે ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ. પાટોત્સવની ઉજવણી દરમ્યાન સ્થાનિક તાલુકા સભ્ય ધર્મેશભાઈ, સરપંચ રાકેશભાઈ, પૂર્વ સરપંચ વિનોદભાઈ સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમ્યાન યોજાયેલા મહાપ્રસાદનો પણ વિશાળ સંખ્યામાં ભક્તોએ લહાવો લીધો હતો. પાટોત્સવની ઉજવણીને સફળ બનાવવા ભાજપના શક્તિ કેન્દ્રના પ્રમુખ સુભાષભાઈ, અગ્રણી કે ડી પટેલ, પૂર્વ ડેપ્યુટી સરપંચ કમલેશભાઈ ઉપરાંત તેજસભાઇ, શૈલેષભાઈ ભગત, પિન્ટુભાઈ મંડપવાળા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# સ્ટેમ્પ પેપરના વેચાણમાં ગેરરીતિના આક્ષેપ સાથે અધિકારીને આવેદનપત્ર

**વાંસદામાં વધુ ભાવવધારો અને નોટરી માટે દબાણના વકીલ મંડળ દ્વારા આક્ષેપ**



વાંસદાઃ વાંસદામાં સ્ટેમ્પ પેપરના વેચાણમાં ચાલતી ગેરરીતિઓ અને અરજદારો સાથે કરાતી દાદાગીરીના ગંભીર આક્ષેપો સાથે વાંસદા વકીલ મંડળ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

વાંસદા વકીલ મંડળના જણાવ્યા અનુસાર, સ્થાનિક 'મારુતિ ઝેરોક્ષ સી.એસ.સી. સેન્ટર'ના સંચાલક દ્વારા લાંબા સમયથી સરકાર દ્વારા નિર્ધારિત દર કરતાં વધુ કિંમતે સ્ટેમ્પ પેપર વેચવામાં આવે છે. વધુમાં, આક્ષેપ કરાયો છે કે સેન્ટરના માલિક દ્વારા અરજદારો પર પોતાના જ પસંદગીના નોટરી પાસે કામ કરાવવા માટે અન્યાયી દબાણ કરવામાં આવે છે. જો કોઈ અરજદાર અન્ય નોટરી પાસે કામ કરાવવા ઈચ્છે, તો તેને સ્ટેમ્પ પેપર આપવાનો ઈનકાર કરી દાદાગીરી કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી છે. વકીલોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, સ્ટેમ્પ પેપર જેવી સરકારી પ્રક્રિયામાં આ પ્રકારની ગેરકાયદે વસૂલાત સામાન્ય નાગરિકો પર આર્થિક બોજો વધારે છે. વકીલ મંડળે પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી માગણી કરી છે કે, આ સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ કરવામાં આવે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સેન્ટરનું લાઈસન્સ તાત્કાલિક અસરથી રદ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે.

### બસમાંથી મહિલા મુસાફરનો મોબાઈલ ફોન ચોરાયો

વાપી/વલસાડ : સુરતના મમતા સોલંકી પતિ સાથે સુરત જવા માટે વલસાડ એસટી ડેપો ઉપર આવેલા હતા. તેઓએ પર્સમાં મોબાઈલ ફોન મૂક્યો હતો. સુરત જવા માટેની એક્સપ્રેસ બસ આવતા તેઓ બસમાં બેસી ગયા હતા અને બસ ઉપડી ડુંગરી સ્ટેશન આવી ત્યારે પર્સમાં મૂકેલો મોબાઈલ ફોન જોવા ન મળતા ચોરી થયાની ફરિયાદ વલસાડ પોલીસ મથકમાં કરી હતી.


### એ.સી.બી.ના ગુનામાં નિર્દોષ જાહેર

આજરોજ મહેરબાન ભરૂચના પ્રિન્સીપાલ અને ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી ગયેલ સ્પે.એ.સી.બી.કે.નં.૦૧/૨૦૨૫ અન્વયે એડવોકેટ સલીમ લોહિયાની તર્કસંગત અને તથ્યગત પ્રભાવી દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી શ્રી નરહરિ હળવે નાયબ કલેકટરશ્રી ભરૂચને તેમજ સ્પે. એ. સી. બી. કેસ.નં.૮/૨૦૦૯ ના આરોપી શ્રી પિંકેશ પટેલ, ટેકિનકલ આસી. ભરૂચને Prevention of Corruption Act-1988 ની સેકશન ૭,૧૩(૧)(ઘ), ૧૩(૨) ના ગુનામાં સંપૂર્ણ નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : ભરૂચ
તા.૧૩-૦૩-૨૦૨૬
એડવોકેટ સલીમ લોહિયા
૨૦૫/૨૦૬, ઓમ કોમ્પલેક્ષ, ભરૂચ. મો.નં.૯૯૨૪૯૧૫૪૮૨



HDFC BANK

રજિસ્ટર્ડ ઓફિસઃ એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ - 400 013 અને જેની એક ઓફિસ અહીં આવેલી છેઃ રિટેલ પોર્ટફોલિયો મેનેજમેન્ટઃ એચડીએફસી બેંક લિમિટેડ, પ્રથમ માળ, આઈ-થિંક ટેક્નો કેમ્પસ, કાંજુરમાર્ગ (ઈસ્ટ), મુંબઈ - 400 042.

**એચડીએફસી બેંક લિમિટેડ પાસે ગીરો મૂકેલી જામીનગીરીઓના (Securities) વેચાણ માટેની સૂચના અને જાહેર નોટિસ**

એચડીએફસી બેંક લિમિટેડ ("બેંક")ના નીચે મુજબના લોનધારકોને આથી જાણ કરવામાં આવે છે કે, તેમણે લોન/ઓવરડ્રાફ્ટ અગેન્સ્ટ સિક્યોરિટીઝના સ્વરૂપમાં ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે બેંક પાસે ગીરો મૂકેલી જામીનગીરીઓનું વેચાણ કરવામાં આવનાર છે. સંમત થયેલ લોનની શરતો મુજબ બાકી લેણાંની ચુકવણી કરવામાં લોનધારકો દ્વારા સતત કરવામાં આવેલી કસૂરને કારણે આ કાર્યવાહી કરવામાં આવે છે. નીચે મુજબના લોન ખાતાઓ ડિફોલ્ટ (બાકી) સ્થિતિમાં છે. બેંકે આ લોનધારકોને અનેક નોટિસ પાઠવી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખની અંતિમ વેચાણ નોટિસનો પણ સમાવેશ થાય છે. જે દ્વારા બેંકે ગીરો અધિકારનો ઉપયોગ કર્યો હતો અને લોનધારકને તમામ બાકી લેણાં ચૂકવવા માટે 7 દિવસનો સમય આપ્યો હતો, તેમ કરવામાં નિષ્ફળ જતાં, બેંક આ બાબતે કોઈ વધુ નોટિસ આપ્યા વિના ગીરો જામીનગીરીઓ વેચવા માટે સ્વતંત્ર રહેશે. લોનધારકો ચુકવણી કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, બેંકે લોન કરાર હેઠળના તેના અધિકારોનો ઉપયોગ કરીને, બાકી લેણાંની વસૂલાત માટે 21 માર્ચ 2026ના રોજ અથવા તે પછી જામીનગીરીઓ વેચવા/નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોનધારકોને એ પણ જાણ કરવામાં આવે છે કે, જો ગમે ત્યારે શેરબજારની અસ્થિરતાને કારણે ગીરો જામીનગીરીઓનું મૂલ્ય વધુ ઘટે અને માર્જિનની જરૂરિયાતમાં વધુ તંગી ઊભી થાય, તો બેંક તેના વિવેકબુદ્ધિથી કોઈપણ વધુ નોટિસ આપ્યા વિના 1 (એક) કેલેન્ડર દિવસમાં ગીરો જામીનગીરી વેચી દેશે. ગીરો જામીનગીરીઓના વેચાણની ઉપજને સરભર કર્યા પછી પણ જો કોઈ રકમ બાકી રહેશે, તો તે ચૂકવવા માટે લોનધારક(કો) બેંકને જવાબદાર રહેશે.

| ક્રમ | લોન ખાતા નંબર | લોનધારકનું નામ | 10 માર્ચ 2026 સુધીની બાકી રકમ | વેચાણ નોટિસની તારીખ |
|---|---|---|---|---|
| 1 | XXXXXXXXXX6498 | બામણિયા હર્ષવંત સોમા | 1,03,645.50 | 07-03-2026 |
| 2 | XXXXXXXXXX1571 | સંદિપ ભાઈ રણજીતભાઈ પટેલ | 42,310.00 | 07-03-2026 |
| 3 | XXXXXXXXXX7851 | સંતોષ કુમાર પ્રસાદ | 1,32,657.72 | 07-03-2026 |
| 4 | XXXXXXXXXX8253 | વૈશાલી જીજ્ઞેશકુમાર પ્રજાપતિ | 5,95,972.90 | 07-03-2026 |
| 5 | XXXXXXXXXX6033 | નિશા દિલીપ સોલંકી | 334.82 | 07-03-2026 |
| 6 | XXXXXXXXXX6376 | ધાર્મિક રીતેનભાઈ શાહ | 4,52,942.00 | 07-03-2026 |
| 7 | XXXXXXXXXX7801 | રોહિત શૈલેન્દ્ર કુમાર | 29,408.00 | 07-03-2026 |
| 8 | XXXXXXXXXX1192 | રહિમા બીબી | 51,917.00 | 07-03-2026 |

તારીખઃ 14.03.2026
સ્થળઃદાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
સહી/-
એચડીએફસી બેંક લિમિટેડ